# જિલ્લામાં ગૌચરની જગ્યાઓમાં ૫૩ હેક્ટર વિસ્તારમાં દબાણ થયુ છે


**જિલ્લામાં ૧૭૮ પ્રા. શાળાના વર્ગખંડોની ઘટ છે : શિક્ષણમંત્રી, રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની ૭૨ જગ્યાઓ ખાલી છે : પંચાયત મંત્રી**

ગાંધીનગર, તા. ૧૫

ચાર દિવસના મીની વેકેશન બાદ આજે રાજ્ય વિધાનસભા ગૃહનો આરંભ થયો હતો. આજે શિક્ષણ, કાયદો-ન્યાય, સંસદીય બાબતો, ગૌ સંવર્ધન, નાગરિક ઉડ્ડયન, આદિજાતિ વિકાસ, વન, મહિલા બાળ કલ્યાણ, પંચાયત અને પર્યાવરણ વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી. આજે ગૃહમાં આ વિભાગોને લગતા ગાંધીનગર જિલ્લાના ૧૨ જેટલા પ્રશ્નો રજુ થયા હતા.

● **લેન્ડ ગ્રેબીંગ અંગે ખાસ કોર્ટ**

મણીનગરના સુરેશભાઈ પટેલ, ગાંધીનગર



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

(દ)ના શંભુજી ઠાકોર, દહેગામના બલરાજસિંહ ચૌહાણે ગાંધીનગર જિલ્લામાં લેન્ડ ગ્રેબીંગ એક્ટ-૨૦૨૦ હઠળના કેસો ઝડપથી ચલાવવા માટે ગાંધીનગર જિલ્લામાં ખાસ કોર્ટની સ્થાપના કરવામાં આવેલ છે તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે તા. ૬-૧૧-૨૦૨૦ની અધિસૂચનાથી ખાસ કોર્ટ કાર્યરત કરવામાં આવી હોવાનું કાયદામંત્રી જણાવ્યુ હતુ.

● **પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ કસોટી**

કોંગીના સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ કસોટી લેવામાં આવે છે તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ખાનગી કે ખાનગી ગ્રાન્ટેડ શાળાઓમાં પ્રવેશ યોગ્યતા કસોટી લેવાની પરવાનગી આપવામાં આવી નથી.

● **મુખ્ય સેવિકાની મંજૂર જગ્યાઓ**

સાબરમતીના અરવિંદભાઈ પટેલ, ખેરાલુના અજમલજી ઠાકોરે, ઈડરના હિતુભાઈ કનોડિયાએ ગાંધીનગર જિલ્લામાં મુખ્ય સેવિકાની મંજૂર થયેલ જગ્યાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં ૪૬ જગ્યાએ મંજૂર કરવામાં આવેલ છે. બધી જ જગ્યાઓ ભરાયેલી છે અને હાલ એક પણ જગ્યા ખાલી નથી.

● **કોલેજોનું મંજૂર મહેકમ**

કોંગીના લાખાભાઈ ભરવાડે ગાંધીનગર જિલ્લામાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજોનું મંજૂર મહેકમ અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં આર્ટસ પ્રવાહની સરકારી ૧ અને ગ્રાન્ટેડ ૨ કોલેજો, કોમર્સ કોલેજની ૧ સરકારી કોલેજ અને પાંચ ગ્રાન્ટેડ કોલેજો મંજૂર કરવામાં આવી છે.

આ કોલેજોમાં ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

વિજ્ઞાન કોલેજ અંગે ધંધુકાના રાજેશકુમાર ગોહિલે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગરમાં સરકારી વિજ્ઞાન કોલેજમાં મંજૂર થયેલ મહેકમ સામે ૨૨ જગ્યાઓ ખાલી છે.

ગ્રાન્ટેડ વિજ્ઞાન કોલેજમાં અધ્યાપકની ૧૩, પી.ટી.આઈ.ની ૧, ગ્રંથપાલની ૨, વર્ગ-૩ ની ૧૭ અને વર્ગ-૪ ની ૧૦ જગ્યાઓ ખાલી છે તે પણ બનતી ત્વરાએ ભરતી કરવામાં આવશે.

● **ગૌચરમાં દબાણ**

માણસાના કોંગીના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ગૌચરની જમીન પર થયેલા દબાણો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં પંચાયત મંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૫૩ હેક્ટર, ૦૪ આરે અને ૭૪ પ્ર.માં દબાણ થયેલુ છે.

તેમણે જણાવ્યુ કે ગુજરાત પંચાયત અધિનિયમની જોગવાઈ મુજબ દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવે છે તેમજ કાર્યવાહીની સમીક્ષા પણ કરવામાં આવે છે.

● **પ્રા. શાળામાં ઓરડાની ઘટ**

માણસાના કોંગીના સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ પ્રા. શાળામાં ખૂટતા ઓરડાઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૭૮ ઓરડાઓની ઘટ છે.

તેમણે લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લામાં ૧૩૪ ઓરડાઓ બનાવવામાં આવ્યા છે. જે ખૂટતા ઓરડાઓ છે તે આગામી વર્ષોમાં તબક્કાવાર અને બને તેટલી ઝડપે બનાવવામાં આવશે.

● **જિલ્લામાં આંગણવાડીઓ**

કોંગીના હિંમતસિંહ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહિલા બાળ કલ્યાણ મંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૧૦૬૮ આંગણવાડીઓ કાર્યરત છે.

આ પૈકી ૯૫૫ આંગણવાડી તેના પોતાના

● અનુસંધાન પાન-૩ પર

# સેલ્ફી પોઈંટ અને લેન્ડ ફિલ્ડ સાઈટ પર લેન્ડ સ્કેપીંગ સાથેનો બગીચો બનાવવાના ટેન્ડર રદ કરાયા

**સ્થાયી સમિતિની બેઠકમાં ટેન્ડર રદ કરવાના નિર્ણય સાથે સફાઈની કામગીરીને લઈ રોષ વ્યક્ત થયો**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં ચ-૫ નજીક સેલ્ફી પોઈંટ બનાવવાના ટેન્ડરને રદ કરવા ઉપરાંત લેન્ડ ફિલ્ડ સાઈટ પર લેન્ડ સ્કેપીંગ સાથેનું ઉદ્યાન બનાવવાના ટેન્ડરને રદ કરવાનો નિર્ણય કર્યો છે.

આજે મનપાની સ્થાયી સમિતિની બેઠક સ્થાયી સમિતિના સભાખંડમાં મળી હતી. કમિશનર વતી આ બેઠકમાં ડે. મ્યુનિ. કમિશનર હાજર રહ્યા હતા.

આજે મળેલી આ બેઠકમાં મેયરના ડ્રીમ પ્રોજેક્ટ સેલ્ફી પોઈંટ ચ-૫ નજીક બનાવવા અંગેના ટેન્ડરને રદ કરવાનો નિર્ણય કર્યો હતો. ગત બેઠકમાં આ મુદ્દો મુલ્તવી રાખવામાં આવ્યા બાદ સ્થાયી સમિતિના સભ્યએ સ્થળની મુલાકાત લીધી હતી. ત્યારે આ સેલ્ફી પોઈંટ બનાવવાની કામગીરીનો આરંભ થઈ ચુક્યો હતો. આ જોઈ સ્થાયી સમિતિના સભ્યો પણ ચોંકી ઉઠ્યા હતા. આ પછી કોંગ્રેસના કાઉન્સીલરોએ તો સ્થળ પર જઈ સોશ્યલ મિડિયા પર વગર ટેન્ડરે કામ ચાલુ થઈ ગયાનું જણાવતા ફોટા પણ વાઈરલ કર્યા હતા.

આજે સ્થાયી સમિતિની બેઠકમાં આ વિવાદ પર પડદો પાડતાં સ્થાયી સમિતિએ ટેન્ડર જ રદ કરવાનો નિર્ણય કરતાં મામલાએ રાજકીય વિવાદને નવો વળાંક આપ્યો છે.

આ ઉપરાંત સ્મશાનની પાછળ ઉભી કરાયેલ લેન્ડ ફિલ્ડ સાઈટ પર લેન્ડ સ્કેપીંગ સાથે રૂ. ૨૫ કરોડથી વધુના ખર્ચે બગીચો બનાવવાના ટેન્ડરને પણ રદ કર્યુ છે. મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે અહિ ૧૫૦૦ ચો. ફૂટ જગ્યામાં પશુઓ માટેનો ડબ્બો અને અન્ય સુવિધા ઉભી કરવામાં આવી છે. બાકીની જમીન પર બગીચો બનાવવા માટે સરકાર પાસેથી મંજૂરી લેવાની કાર્યવાહી ચાલુ હોવાનું જાણવા મળેલ છે. સ્થાયી સમિતિએ આ કારણો સહિત વિવિધ બાબતોને ધ્યાને રાખી ટેન્ડર રદ કરવાનો નિર્ણય લીધો હતો.

શહેરમાં રસ્તાઓની સફાઈ અને ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનના મુદ્દે પણ આજની સ્થાયી સમિતિની બેઠકમાં ચર્ચાઓ થઈ હતી. ગ્રામ્ય વિસ્તારમાં કલેક્શન નહિ થતુ હોવાની પણ રજુઆતો અને ફરિયાદોનો ઉલ્લેખ આ ચર્ચામાં થયો હોવાનું જાણવા મળેલ છે.

## કુડાસણમાં રહેણાંક વિસ્તાર નજીકના ખુલ્લા પ્લોટમાં કચરાનો નિકાલ થતાં સભ્યો ચોંકી ઉઠ્યા

**એજન્સી અને જવાબદારો સામે પગલાં લેવા સ્થાયી સમિતિના સભ્યોની તાકીદ**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના સભ્યો આજે કુડાસણમાં ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનની કામગીરી જોવા રૂબરૂ ગયા હતા અને ત્યાં તંત્ર દ્વારા ચાલી રહેલી કામગીરી જોઈ એજન્સી તેમજ જવાબદારો સામે પગલાં લેવાની ભલામણ સમિતિના સભ્યોએ કરી હતી.

મળતી વિગતો મુજબ કુડાસણમાં ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી સોંપવામાં આવેલ એજન્સીને બદલે બીજી એજન્સી દ્વારા કરવામાં આવી રહી હતી તેમજ એકત્ર થયેલા કચરાનો નિકાલ ખુલ્લા પ્લોટમાં કરાતો જોઈ સભ્યો ચોંકી ઉઠ્યા હતા.

આ પછી નાયબ મ્યુનિ. કમિશનર અને સેનીટેશન સુપ્રિટેન્ડન્ટને સ્થળ પર બોલાવતાં તેમણે અહિ કચરો એકત્ર કરી અને કોમ્પેક્ટરની મદદથી લેન્ડ ફિલ્ડ સાઈટ સુધી લઈ જવાતો હોવાની વાત કહી હતી પરંતુ સભ્યોને સંતોષ થયો ન હતો. આ માટેની મશીનરી કોના ખુલ્લા પ્લોટમાં કોની મંજૂરીથી મુકાઈ તે જાણવાનો પ્રયાસ સભ્યોએ કર્યો હતો.

સભ્યોએ ગ્રામ્ય વિસ્તારમાં એકત્ર થતા કચરાના નિકાલ માટે સે. ૭ અને અન્ય સ્થળો પર બનાવાયેલ કોમ્પેક્ટર સાથેના સેન્ટરો પર જ કરવામાં આવે એટલુ જ નહિ રહેણાંક વિસ્તાર નજીક ખુલ્લામાં નિકાલ કરવા સામે રોષ વ્યક્ત કર્યો હતો.

આ સભ્યોએ જવાબદાર એજન્સી તેમજ કર્મચારીઓ સામે પગલાં લેવા માટે આગ્રહ કર્યો હતો.

દરમ્યાન પેથાપુરના સફાઈ કર્મીઓનો પગાર પણ ન કરવામાં આવતાં કચરો જાહેર માર્ગો પર નાખી દેવામાં આવ્યો હોવાથી પેથાપુર નગરજનોમાં પણ રોષની લાગણી ઉભી થવા પામી છે.

શહેરમાં ભેળવવામાં આવેલા ગ્રામ્ય વિસ્તારમાં વેસ્ટ કલેક્શન અને નિકાલની યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં તંત્ર ઉણુ ઉતર્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં વેસ્ટ કલેક્શન નિયમિત રીતે થતુ નહિ હોવાની ફરિયાદોના અખબારી અહેવાલો પણ પ્રસિદ્ધ થયા છે જે ઉલ્લેખનીય છે.

# શહેર-જિલ્લામાં કોરોના વકર્યો

**શહેરમાં ૧૦ કેસ : ગ્રામ્ય વિસ્તારમાં ૮ કેસ : ૧૧ ને ડિસ્ચાર્જ : ગાંધીનગર તાલુકામાં ૭ કેસ અને એક કેસ દહેગામમાં નોંધાયો : સે. ૪ માં ૩, સે. ૨ માં ૨ કેસ ઉપરાંત સે. ૭, ૧૩, ૨૬, ૩૦ અને ઈન્ફોસીટીમાંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૧૮ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૧૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ૮ કેસ નોંધાયા છે. જિલ્લામાં હવે એક્ટીવ કેસોની સંખ્યા પણ ૧૦૦ના આંકને પાર કરી ગઈ છે. ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઉછાળો આવતાં તંત્રએ પણ સતર્ક થઈ સઘન સર્વેલન્સ સાથે પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવાની કડક તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બે મહિલા અને બે વિદ્યાર્થીઓનો પણ આજે નોંધાયેલા કેસોમાં સમાવેશ થાય છે. મહિલા અને વિદ્યાર્થીઓના કેસોની સંખ્યા વધતાં તંત્રમાં ચિંતાની લાગણી ઉભી થવા પામી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર તાલુકામાંથી ૭ કેસ અને દહેગામમાંથી એક કેસ મળી આવેલ છે. ગાંધીનગર તાલુકામાં કુડાસણમાંથી અને સરગાસણમાંથી બે-બે કેસ મળવા ઉપરાંત વાવોલ, છાલા, રાંદેસણમાંથી કેસો મળી આવ્યા છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી ૧૨ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં આ સાથે ૪૧૯૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૯૬૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાંથી આજે કોરોનાના વધુ ૧૦ કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલા ૧૦ કેસમાં પાંચ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓ ૬૦ થી વધુ વયના છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૩ પર

# આજે જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપ પ્રમુખના ઉમેદવારી પત્રો ભરાશે : કોંગ્રેસની થોભો અને રાહ જુઓની નીતિ

**ભાજપ બે દાયકા બાદ સત્તાના સૂત્રો સંભાળશે : પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી સમિતિ, પક્ષના નેતા અને દંડકના નામ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં નક્કી કરી સવારે જાહેર થશે**

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપ પ્રમુખ પદ માટે ૧૭મીએ યોજાનાર ચૂંટણીમાં આજે બપોરે બે વાગ્યા સુધીમાં ઉમેદવારી પત્રો ભરવામાં આવશે.

ભાજપ બે દાયકા બાદ સત્તાના સૂત્રો સંભાળી રહેલ હોવાથી તેઓ વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્ર ભરશે તેમ મનાઈ રહ્યુ છે. ભાજપ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા પ્રમુખ-ઉપ પ્રમુખ પદના નામ તેમજ કારોબારી સમિતિ અને પક્ષના નેતા દંડકના નામ કાલે સવારે જાહેર કરશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લા એકમ તરફથી આ અંગે નામોની પેનલ પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડને મોકલી આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. જો કે ભાજપમાં પસંદગીના મુદ્દે થોડોક રોષ પ્રવર્તતો હોવાનું પણ જાણવા મળેલ છે જો કે હજુ સત્તાવાર રીતે ઉમેદવારોના નામ જાહેર ન થયા હોવાથી મામલો આમ તો હાલ શાંત લાગે છે પણ અંદર અસંતોષની આગ ચોક્કસ જોવા મળી રહી છે.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ દ્વારા પણ આ ચૂંટણીમાં ઉમેદવાર મેદાનમાં ઉતારવો કે નહિ તે અંગે

● અનુસંધાન પાન-૩ પર

## શહેરમાં કોરોનાના ૫૦ દર્દીઓ સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૧૫

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોનાનો કહેર હજુ પણ યથાવત રહેવા પામ્યો છે. થોડા સમય પહેલા એક આંકડામાં પહોંચેલા કોરોનાના કેસ શહેરમાં બે આંકડામાં પહોંચી ગયા છે. ગાંધીનગરમાં કોરોનાના ૫૦ દર્દીઓ સક્રિય છે. શહેરી કોવીડ હોસ્પિટલ અને આસપાસ આવેલી ખાનગી હોસિપટલમાં પણ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જયારે કેટલાક દર્દીઓ હોમ કવોરન્ટાઈન હેઠળ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે નગરમાં ફરીવાર કોરોનાએ માથુ ઉંચકતા નગરજનોમાં ફફડાટ ફેલાયો છે. કોરોનાના કહેરને એક વર્ષ જેટલો સમય થવા આવ્યો છે. રાજયમાં કોરોનાના કેસ બે આંકડામાં આવી રહ્યા હતા. કેટલાક શહેર કોરોના મુકત બની રહ્યા હતા. ત્યારે કોરોના જતો રહ્યો હોય તેમ દો ગજની દુરી અને મોંઢા પર માસ્ક પહેર્યા વિના નાગરીકો ફરતા જોવા મળતા હતા. વેકસિનને પગલે તમામ પ્રજાજનો બિન્દાસ્ત બની ગયા હતા. ત્યારે બિન્દાસ્ત બનીને ફરવુ હવે નાગરીકો માટે અઘરુ સાબિત થઈ રહ્યું છે. શહેરની કોવીડ હોસ્પિટલમાં ગણતરીના કોરોનાના દર્દીઓ સારવાર હેઠળ હતા. તેના સ્થાને અત્યારે હાલ આંકડો ૩૦ પર પહોંચી ગયો છે. જયારે કેટલાક કોરોના પોઝીટીવ દર્દીઓ શહેરની આસપાસ આવેલી ખાનગી હોસ્પિટલમાં સ્પેશીયલ રૂમમાં સારવાર લઈ રહ્યા છે. ત્યારે ફરીવાર કોરોનાએ ગુજરાતમાં માથુ ઉંચકતા સૌ કોઈ ચિંતાગ્રસ્ત બની ગયા છે. જયારે કોરોનાના કેસ વધતા કેટલાક શહેરમાં રાત્રીના ૧૦ વાગ્યા પછી ખાણીપીણી બજાર બંધ કરવાના આદેશ થયા છે. હાલના સમયે કોરોનાની વણસી રહેલી પરિસ્થિતિને પગલે સૌ કોઈ કોરોનાને કંઈ રીતે કાબુમાં કરવો તેની મથામણમાં લાગ્યા છે.

## સેકટરોમાં રખડતી નીલગાયનો ત્રાસ વધ્યો વનતંત્રને રજુઆત

**શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોમાં માર્ગ વચાળે દોડી આવતી નીલગાયના લીધે માર્ગ અકસ્માતનો ખતરો**

ગાંધીનગર તા ૧૫

શહેરમાં અગાઉ વન આરક્ષિત વિસ્તારમાં અડ્ડો જમાવતી નિલગાય છેલ્લા કેટલાક દિવસોથી શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર દોડતા વાહનચાલકો માટે મોટો ખતરો ઉભો થયો છે. થોડા દિવસો અગાઉ વનતંત્ર દ્વારા નીલગાયને પકડવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી પરંતુ આ કામગીરી અચાનક બંધ કરી દેવાતા હાલ શહેરમાં રખડતી નીલગાયનુ પ્રમાણ વધ્યુ છે. ત્યારે નીલગાયને પકડવા માટે વનતંત્ર સમક્ષ પણ રજુઆત કરવામાં આવી છે.

શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ વધ્યો છે. સેકટરોમાં પણ રખડતા ઢોરના લીધે સ્થાનિકો પરેશાન છે. રખડતા ઢોરના લીધે અકસ્માતો થવાની સાથે મહીલાઓ અને બાળકોની સલામતી પણ જોખમાતી હોવાનો રોષ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. ત્યારે છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં રખડતી નીલગાય વધુ જોવા મળે છે. થોડા સમય અગાઉ વનતંત્ર દ્વારા નીલગાયને પકડવા માટે ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી પરંતુ બે ચાર નીલગાય કેદ કરીને આ ઝુંબેશ આટોપી લેવામાં આવી હતી આ સ્થિતિ વચ્ચે હાલમાં પણ શહેરમાં નીલગાયનો ત્રાસ વધુ છે. શહેરમાં વન આરક્ષિત વિસ્તારમાં નીલગાય રખડતી જોવા મળતી હતી પરંતુ છેલ્લા કેટલાક સમયથી સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્ય ઘ અને ચ માર્ગ પર નીલગાય દોડતી જોવા મળે છે. જેના લીધે ગમે ત્યારે જાનલેવા અકસ્માત થવાની સંભાવના છે. એકબાજુ માર્ગ સલામતી જાળવવા માટે મુખ્યમાર્ગો પર ટ્રાફિક સિગ્નલ સહીત ગતિ

● અનુસંધાન પાન-૩ પર




We measure our performance by smiles

554 Banking Outlets** | 14.40 lakh Customers** | ₹ 3908.23 crores Gross Loan Portfolio** | ₹ 3343.84 crores Deposit Base**

| Among the leading SFBs in India* | Diversified Asset Portfolio with a focus on retail operations, strong credit processes and robust risk management framework | Among the SFBs with the highest deposit growth rate in FY 2020: Deposit base and retail deposit base grew at a CAGR of 94.95% and 124.07% respectively between FY 2018 and FY 2020 | Lowest cost-to-income ratio among SFBs in India in FY 20# | Inclusive finance portfolio accounted for 70.35% of Gross Loan Portfolio** | Maintained a higher capital adequacy ratio than the prescribed regulatory requirement; highest amongst SFBs in India##

* In terms of net interest margins, return on assets, yields and deposit growth and had the lowest cost-to-income ratio among SFBs in India in Fiscal 2020 (Source: CRISIL Report)
**As of December 31, 2020 #Source: CRISIL Report ##As of March 31, 2020 (Source: CRISIL Report)

www.suryodaybank.com | Follow us on

SURYODAY SMALL FINANCE BANK LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with the Registrar of Companies, Maharashtra at Mumbai. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the BRLMs i.e. Axis Capital Limited, ICICI Securities Limited, IIFL Securities Limited and SBI Capital Markets Limited at www.axiscapital.co.in, www.icicisecurities.com, www.iiflcap.com and www.sbicaps.com, respectively. Bidders should note that investment in equity shares involves a high degree of risk and for details relating to the same, please see the section entitled *"Risk Factors"* on page 22 of the RHP. Potential Bidders should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (the **"Securities Act"**) or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are only being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the Securities Act, "Rule 144A") in transactions exempt from, or not subject to, registration requirements of the Securities Act, and (ii) outside the United States in offshore transactions in reliance on Regulation S under the Securities Act and pursuant to the applicable laws of the jurisdictions where those offers and sales are made. There will be no public offering of the Equity Shares in the United States.

Adfactors 826

**ખોવાયેલ છે**

**સેક્ટર-૭/સી, શિવશક્તિ મંદિરથી પટેલ વાડીથી સેક્ટર-૬ પોલીસ સ્ટેશન, સેક્ટર-૬ શાકમાર્કેટથી, સેક્ટર-૫/એના રસ્તામાં ચેન અને પેન્ડલ ખોવાયેલ છે. જેને મળે તે વ્યક્તિએ નીચેના મોબાઈલ નંબર સંપર્ક કરવા વિનંતી.**

**મો. ૮૩૪૭૭૨૩૪૫૬, ૯૦૯૯૯૫૨૮૮૪, ૯૯૨૪૯૮૮૦૯૮**

**પરત આપનારને યોગ્ય વળતર આપવામાં આવશે.**

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · Jaquar · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com